# કૃષિ સંશોધન કેન્દ્ર (પિયત પાકો), આ.કૃ.યુ., ઠાસરા કેન્દ્ર ખાતે ૭૪માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી

કૃષિ સંશોધન કેન્દ્ર (પિયત પાકો), આણંદ કૃષિ યુનિવર્સિટી , ઠાસરા કેન્દ્ર ખાતે તા. ૧૫/૦૮/૨૦૨૦ ના રોજ સવારે ૮.૩૦ કલાકે ૭૪માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ડૉ. આર.પી. કાચાના વરદ હસ્તે ધ્વજ ફરકાવી કરવામાં આવેલ. પ્રવર્તમાન નોવેલ કોરોના વાઇરસ (કોવીડ-૧૯) ના સંક્રમણને ધ્યાનમાં રાખી આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સોશિયલ ડીસ્ટંસીંગનું પાલન કરીને કરવામાં આવેલ. આ ઉજવણીમાં કર્મચારી મિત્રો તેમજ વસાહતી ભાઇઓ અને બહેનોએ ખૂબજ ઉત્સાહપૂર્વક અને રસપૂર્વક ભાગ લીધો હતો. કેન્દ્રના વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો.) ડૉ. આર. પી. કાચા દ્વારા ધ્વજવંદન કરાવવામાં આવ્યું. તેઓએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રાસંગિક ઉદભોદન માં દેશનાં સૈનિકોની શહાદત એળેના જાય તે રીતે રાષ્ટ્રહિતને સર્વોપરી રાખી દેશનાં વિકાસના કાર્યોમાં સહભાગી થવા પર ભાર મુક્યો હતો તેમજ પ્રવર્તમાન કોરોના વાઇરસના કપરા કાળમાં પોતાના જીવના જોખમે કામ કરી રહેલા કોરોન વૉરિયર્સની સેવાઓને બિરદાવેલ. ઉપરાતં, કોરોનાની આ મહામારી વચ્ચે પોતાની ફરજ બજાવી રહેલા ખેડૂતો, ખેતમજૂરો તેમજ યુનિવર્સિટીના કર્મચારીઓનો આભાર વ્યક્ત કરેલો. સંબોધનના અંતમાં સર્વે કેન્દ્ર ખાતે ફરજ બજાવતા તમામ કર્મચારીઓને નિષ્ઠા અને પ્રમાણીકતાથી પોતાની કામગીરી કરી, યુનિવર્સિટી, રાજ્ય અને દેશની પ્રગતીમાં પોતાનું યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.




AGRICULTURAL RESEARCH STATION
FOR IRRIGATED CROPS
ANAND AGRICULTURAL UNIVERSITY


AGRICULTURAL RESEARCH STATION
FOR IRRIGATED CROPS
ANAND AGRICULTURAL UNIVERSITY
THASRA – 388250